सत्यमेव जयते

**સ્પે. મુ.નં. ૦૮ / ૨૦૨૪**

**<u>આંક–૧૬ ની અરજી લગત હુકમ :–</u>**

(૧) આ કામના પ્રતિવાદી ધ્વારા હાલની અરજી સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર –૭ રૂલ –૧૧ મુજબ વાદીનો દાવો રદ કરવા માટે આપવામાં આવેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીએ દાવા અરજીમાં માંગેલ દાદ તથા વાદીની દાવા અરજીની હકીકતોનું વર્ણન કરી એવી હકીકત જણાવેલ છે કે, વાદીઓએ હાલના દાવામાં મુળમાં દાદ(એ) મુજબ તા.૦૭/૦૧/૧૯ નારોજ અનુક્રમ નં.–૮/૨૦૧૯ થી સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી દે. બારીયા માં વેચાણ દસ્તાવેજ કરેલ છે તે રદ કરવા માંગણી કરેલ છે. સદરહુ વેચાણ દસ્તાવેજ દાવા સાથે નિશાની ૩/૧ થી રજુ કરેલ છે. દસ્તાવેજમાં વેચાણ દસ્તાવેજ કરનાર તરીકે સનસાઈન હાઈટેક ઈન્ફ્રાકોન લી. કંપની છે. અને જે કંપની એકટ મુજબ રજીસ્ટર્ડ કંપની છે અને હાલનો આ દાવો કંપનીએ કરેલ નથી પરંતુ હાલના વાદીઓએ હાલનો આ દાવો પર્સનલ કેપેસીટીથી કરેલ છે. તથા દાવો કરવા માટે કંપનીનો કોઈ પણ ઠરાવ દાવો દાખલ કરતી વખતે રજુ કરેલ નથી. જેથી હાલનો આ દાવો કરવાનો વાદીને કોઈ હકક અધિકાર નથી. અને વાદીઓએ ખોટી રીતે પ્રતિવાદીઓને હેરાન પરેશાન કરવા માટે હાલનો આ દાવો દાખલ કરેલ છે.

વાદીઓએ તા.૧૯/૧૨/૨૦૨૩ ના રોજની નોટીસ આપેલ તે પહેલા પણ વાદીઓએ તા.૯/૯/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીઓને નોટીસ આપેલ

અને જે તે વખતે વાદી રમેશચંન્દ્ર જેલમાં હતા તેઓએ ત્યાંથી નોટીસ પ્રતિવાદીઓને મોકલેલ છે અને પ્રતિવાદીઓએ તે નોટીસનો વચગાળાનો જવાબ તથા સામી નોટીસ વાદીઓના ઘર,ઓફીસ,તથા જેલના સરનામે તા.૭/૧૦/૨૦૨૦ના રોજ આપેલ છે. ત્યારબાદ વાદીઓએ દાવામાં તા.૧૯/૧૨/૨૦૨૩ ના રોજ નોટીસ પ્રતિવાદીઓને આપેલ છે તેવું જીકર કરેલ છે પરતું પ્ર.વાદીઓએ તા.૨૨/૧/૨૦૨૪ ના રોજ નોટીસનો વચગાળાનો જવાબ તથા સામી નોટીસ પણ આપેલ તે વાદીઓને તેઓના સરનામે બજી ગયેલ હોય તો પણ તે વાત હાલના દાવાના કામે જાણી જોઈને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા છુપાવેલ છે અને તા.૨૨/૧/૨૦૨૪ ના રોજ નોટીસનો જવાબ પણ આ દાવાના કામે રજુ કરેલ નથી. આ જોતા વાદી માત્ર દાવો કરવા માટે સત્ય હકીકત છુપાવી હાલનો આ દાવો કરેલ છે.

વાદીઓએ હાલના આ દાવામાં સમય મર્યાદાનો ખુલાસો પેરા–૬ માં કરેલ છે.પરતું સમય મર્યાદા માટે નામદાર સુપ્રીમ કોર્ટ તા.૧૦/૧/૨૦૨૨ ના રોજ દાવો તથા અન્ય કેસો દાખલ કરવા સમય મર્યાદા ઉપર પેરા–(૫)(૩) મા નીચે મુજબનુ ડાયરેકશન આપેલ છે.

"In cases where the limitation would have expired during the period between 15.03.2020 till 28.02.2022 notwithstanding the actual balance period of limitation remaining all persons shall have a limitation period of 90 days from 01.03.2022. In the event the actual balance period of limitation remaining with effect from 01.03.2022 is greater than 90 days, that longer period shall apply."

નામદાર સુપ્રીમ કોર્ટના ડાયરેશકન મુજબ દાવો તા.૦૧/૦૩/૨૦૨૨ બાદ ૯૦ દિવસમા દાખલ કરવાનો હતો. હાલના વાદીઓએ તેઓની દાવા અરજીમાં તા.૭/૧/૨૦૧૯ ના રોજનો રજી. વેચાણ દસ્તાવેજ રદ કરવા તથા દાવાની અવેજની રકમની નુકસાની વળતરની માંગણી કરેલ છે. હાલનો દાવો સમય મર્યાદામાં કરેલ નથી જેથી હાલના દાવામાંથી લીમીટિશન એક્ટની આર્ટીકલ ૫૯ મુજબ વાદી ગણતા હોય તો તેવા દસ્તાવેજ ચેલેન્જ કરવાની અને સમય મર્યાદા ૩ વર્ષની છે તે રીતે ગણવામાં આવે તો વાદીનું પ્લીડીંગ અનુસાર વાદી વેચાણ દસ્તાવેજ થયાની વાત સારી રીતે જાણતા હોય તો તેવા દાવા સંબધી કોઈ પણ જાતનું કારણ ચાલુ રહેતુ ના હોઈ વાદીની હાલની દાવા અરજી નામંજુર/પ્લેન્ટ રીજેકટ કરવા પાત્ર છે તેમજ વાદીઓએ જે દસ્તાવેજ ચેલેન્જ કરેલ છે પ્રતિવાદીઓને તે દસ્તાવેજ સનસાઈન ઈન્ફ્રાટેક કંપની લી. એ કરી આપેલ છે. અને તેવા સંજોગોમાં વાદીઓને સ્વતંત્ર રીતે હાલનો આ દાવો કરવાનો કોઈ પણ જાતનુ લોકસ સ્ટેડી નથી જેથી પણ વાદીઓની હાલની દાવા અરજી નામંજુર/પ્લેન્ટ રીજેકટ કરવા પાત્ર છે.

તેવુ જણાવી પ્રતિવાદીએ હાલની અરજીમાં એવી દાદ માંગેલ છે. કે, ઉપરોકત રીતેની તમામ હકીકત વાદીના દાવા અરજીમાં કરેલ પ્લીડીંગ તથા આંક–૩ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓથી સ્પષ્ટ રીતે દેખાઈ આવતી હોય વાદીઓના હાલનો આ દાવો સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૭ રૂલ ૧૧–(ડી) મુજબ લીમીટિશનનો બાધ નડતો હોય તેમજ તેઓનો દાવો રૂલ ૧૧(એ) કારણ વગરનો હોય તેઓના તથા કંપની એકટનો બાધ નડતો હોઈ તેઓની દાવા અરજી સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ ૧૧ મુજબ રદ કરવા.પ્લેન્ટ રીજેક્ટ કરવા નમ્ર અરજ કરેલ છે.

( ૨ ) આ કામે વાદીએ આ કામના પ્રતિવાદીઓએ સિવિલ પ્રોસીઝર કોડ ઓર્ડર : ૭ રૂલ ૧૧ (એ), (ડી) મુજબની અરજી સામે આંક–૨૬ થી લેખિત જવાબ રજુ રાખેલ છે. જેમાં પ્રતિવાદીની અરજીની હકીકતોનો ઇન્કાર કરેલ છે. અને એવી હકીકત જણાવેલ છે કે, પ્રતિવાદીઓએ હાલની તેમની અરજીમાં કરેલ કથન મુજબ તેમની અરજીના પેરાનં. (૫) માં નામદાર સવોચ્ચ અદાલતના જે આદેશો જણાવેલા છે. તેનો અર્થઘટન તેઓએ તદ્દન ખોટુ અને ભુલ ભરેલ કરેલ છે. પ્રતિવાદીઓએ જે હુકમની કોપી રજુ કરેલ છે. તેમાં પણ તા:૦૧/૦૩/૨૦૨૨ થી ૯૦ દિવસ ઉપરાંત જે પીરીયડ વધુ હોય તે લાગુ પડશે આ કામે વાદી નો દાવા અરજીનો કથન જોવામાં આવે તો વાદીઓએ દાવા અરજીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદીઓએ દસ્તાવેજ કરાવેલુ તે દસ્તાવેજની અંદર દસ્તાવેજના અવેજ પેટે દાવા અરજીમાં પેરા નં. (૧) ની અંદર અમો ક્રમ નં. (૪) થી (૯) સુધીની રકમ ચેકોથી આપવાનું નકકી કરેલુ તેવા કોઈ ચેકો મુજબની રકમ અમોને ચુકવી આપેલ નથી અને ત્યારબાદ કોરો ના મહામારી શરૂ થયેલી એટલુ જ નહી પરંતુ જે દસ્તાવેજ રજુ થયેલ છે. તે દસ્તાવેજમાં પણ ઉપરોકત તમામ પોસ્ટ ડેટેડ ચેકો આપેલાનો ઉલ્લેખ કરેલ છે. અને તે દસ્તાવેજની અંદર પણ ઉપરોકત દર્શાવેલા પોસ્ટ ડેટેડ ચેકો પણ બેન્કમાં પાસ થયેથી દસ્તાવેજનો તમામ અવેજ મળી ગયેલો ગણાશે તેવુ લખેલ છે. એટલે કે, દસ્તાવેજ થયો તે દીવસે તકરારી મિલ્કતનો વેચાણ અવેજ વાદીને પુરેપુરો મળેલો નથી તે હકીકત નિરર્વિવાદીત પણે ફલીત થાય છે.

આમ, ઉપર દર્શાવ્યા પ્રમાણે ઉપરોકત સંજોગોમાં દાવાનું કારણ દસ્તાવેજ રજીસ્ટર્ડ થયો તે દીવસથી ગણી શકાશે નહી પરંતુ પ્રતિવાદીએ જયાર થી રકમ આપવાનો ઈન્કાર કર્યો ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ

ગણાય જેથી વાદીને સદર દાવો કરવા માટે લીમીટેશનનો કોઈ બાધ નડતો નથી. આ સંજોગોમાં વાદીએ પ્રતિવાદીને તેમની રકમ પરત ચુકવી આપવા માટે તારીખઃ૧૯/૧૨/૨૦૨૩ ના રોજ નોટીસ આપેલી અને તે પ્રતિવાદી ઓએ કોઈ જવાબ આપ્યો ન હતો અને સદર દાવો દાખલ કર્યાના ૧૫ દિવસ પહેલા પણ તેઓએ એવુ જણાવેલુ હતુ કે, અમારે બાકી રહેતી રકમ અંગેના નાણાં આપવાના નથી અને તમારાથી થાય તે કરી લો તેવો તદ્ન ઉધ્ધત અને ગેર વ્યાજબી જવાબ આપ્યો હતો તે દીવસથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલુ તેવુ કહી શકાય જેથી વાદીએ તેમનો દાવો લીમીટેશનમાં દાખલ કરેલ છે. જેથી વાદીને લીમીટેશન એકટની જોગવાઈઓનો કોઈ બાધ નડતો નથી.

વધુમાં વાદીએ તેમની દાવા અરજીમાં જે દાદ માંગેલી છે તે જોતા વાદીના દાવાને સી.પી.સી. ઓર્ડર –૭ રૂલ્સ–૧૧ (એ), (ડી) ની કોઈ જ જોગવાઈઓનો કોઈ બાધ નડતો નથી. આમ, વાદીઓના દાવાને લીમીટેશનની જોગવાઈઓ કે અન્ય કાયદાકીય જોગવાઈઓનો કોઈ પણ પ્રકારનો બાધ નડતો ન હોઈ પ્રતિવાદીની હાલની અરજી કાયદેસર રીતે ટકવા પાત્ર ન હોઈ પ્રતિવાદીની આ અરજી ખર્ચ સહીત રદ કરવા અને અમો વાદીને ખાસ વળતર રૂપી ખર્ચ અપાવવા યોગ્ય હુકમ કરવા અરજ છે.

(૩) પ્રતિવાદીના વિ.વકીલશ્રી સદર અરજીના અનુસંધાને રજુઆત કરતા જણાવે છે કે, વાદી ધ્વારા હાલનો દાવો સમય મર્યાદામાં લાવવામાં આવેલ નથી. ઉપરાંત વાદી જે દસ્તાવેજ રદ કરવા માંગવામા આવેલ છે તે દસ્તાવેજ  કંપની ધ્વારા કરવામા આવેલ છે. જયારે હાલના દાવામા વાદીએ કંપનીને કોઇ પક્ષકાર બનાવેલ નથી કે વાદી તે કંપનીના પ્રોપરાઇટર કે ઓથોરાઇઝ ડાયરેટકર હોય તેવો કોઇ પુરાવો દાવા સાથે રજુ કરેલ નથી. જેથી

વાદીને હાલનો દાવો લાવવા હકક અધિકાર નથી. જેથી વાદીનો દાવો રદ થવા પાત્ર છે. ઉપરાંત વાદી નામ.સુપ્રિમ કોર્ટના સુઓ મોટો જજમેન્ટના આધારે હાલનો દાવો લીમીટેશનમા હોવાનુ જણાવી દાવો લાવેલ છે તે જજમેન્ટ જોતા દાવાનુ લીમીટેશન તા.૧૫/૦૩/૨૦ થી તા.૨૮/૨/૨૨ ની વચ્ચે પુરૂ થતુ હોય તો તા.૧/૩/૨૨ થી ૯૦ દિવસની અંદર વાદીએ દાવો લાવવો જોઇએ જયારે વાદી હાલનો દાવો તા.૯/૭/૨૪ ના રોજ લાવેલ છે. તે સંજોગોમા વાદીના દાવાને સ્પષ્ટપણે સમય મર્યાદાનો બાદ નડે છે. વાદી જે દસ્તાવેજ રદ કરાવવા દાવો લાવેલ છે તે દસ્તાવેજ રજીસ્ટર દસ્તાવેજ છે અને રજીસ્ટર દસ્તાવેજના કીસ્સામા દસ્તાવેજ રજીસ્ટર થયાની તારીખને ડીમ ડીનોલેઝ ગણવામા આવે છે. જેથી દસ્તાવેજ થયાની તારીખથી જોતા વાદીના દાવાને સ્પષ્ટપણે સમય મર્યાદાનો બાધ નડે છે. અને સમય મર્યાદા બહારનો દાવો રદ થવો જોઇએ વાદી તરફે તેમના દાવામા દાવાનુ કારણ નોટીસ આપ્યાથી જણાવેલ છે જે દાવો સમય મર્યાદામા લાવવા માટે વાદીએ ખોટુ અર્થધટન કરી ચાતુર્ય પુર્વક સમય મર્યાદામા લાવવા પ્રયત્ન કરેલ છે વાદીએ દાવાનુ કારણ બીલ કુલ ખોટુ જણાવેલ છે. આમ, વાદીને દાવો લાવવા લોકલ સ્ટેન્ડીંગ ના હોય તેમજ વાદીનો દાવો સમય મર્યાદા બહારનો હોય વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે વાદી કે વાદીના વિ.વકીલશ્રી હાજર રહેતા ના હોય વાદીને હાલ ની અરજીની દલીલ માટે યોગ્ય અને પુરતો સમય અને પુરતી તક આપવા છતા વાદી તરફે હાલની અરજીની કોઇ સુનાવણી કરવામાં આવેલ ના હોય વાદીને હાલની અરજી અંગે સાંભળવાનો હકક બંધ કરવામા આવેલ છે.

(૫) હાલની અરજી અનુસંધાને પ્રતિવાદીની રજુઆતો સાંભળી, વાદીની દાવા અરજી તથા વાદીએ દાવા અરજી સાથે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લીધો, કેસનુ રેકર્ડ વંચાણે લીધુ, કાયદાની સ્થિતિ ધ્યાને લીધી. પ્રતિવાદી તરફે સીવીલ પ્રોસીઝર કોડ રોર્ડર ૭ રુલ ૧૧ મુજબ અરજી આપવામા આવેલ છે. આ પ્રકારની અરજીનો નીર્ણય માત્ર વાદીની દાવા અરજી તથા વાદી તરફે રજુ રાખવામા આવેલ દસ્તાવેજી પુરાવા પરથી લેવાનો હોય છે. પ્રતિવાદીનો જવાબ કે પ્રતિવાદીનો બચાવ કે પ્રતિવાદી તરફે રજુ રાખવામા આવેલ દસ્તાવેજી પુરાવા હાલની અરજીના ન્યાયીક નીર્ણય માટે લઇ શકાય નહી. વાદીની દાવા અરજી ઉપરથી તથા રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી એવુ જણાય છે કે, વાદીની દાવા અરજીને કોઇ કાયદાનો સ્પષ્ટપણે બાધ નડે છે તો વાદીનો દાવો રદ થઇ શકે. હાલના દાવાના સંજોગો જોવામા આવે તો વાદી ધ્વારા હાલના દાવામાં વાદીએ પ્રતિવાદીને કરી આપેલ રજીસ્ટર વેચાણ દસતાવેજનો અવેજ વાદીને મળલ ન હોય તેવુ જણાવી દસ્તાવેજ રદ ઠરાવવા અંગે દાદ માંગેલ છે. પ્રતિવાદી તરફે તેમની અરજીમા એવી તકરાર લેવામા આવેલ છે કે, વાદીએ જે દસ્તાવેજ રદ કરાવવા દાદ માંગેલ છે તે નિ. ૩/૧ થી રજુ કરેલ છે. તે દસ્તાવેજ જોતા દસ્તાવેજમા વેચાણ આપનાર તરીકે સનસાઇન હાઇટેક ઇન્ફોકોન લીમીટેડ કંપની છે. જયારે હાલનો દાવો કંપનીએ કરેલ નથી પરંતુ વાદીએ પર્સનલ કેપીસીટીમા કરેલ છે અને વાદીએ કંપનીનો કોઇ ઠરાવ દાવો દાખલ કરતી વખતે રજુ કરેલ નથી. સદર હકીકત અનુસંધાને જોવામા આવે તો નિ.૩/૧ ના દસ્તાવેજમાં સનસાઇન હાઇ–ટેક ઇન્ફોકોન લીમીટેડના ઓથોરાઇઝ ડીરેકટર તરીકે વાદીઓના નામ આવેલ છે. વાદીને કંપની તરફથી ઓર્થોરીટી આપવામા આવેલ છે કે કેમ ? કે વાદીઓ સદર કંપનીના ઓથોરાઇઝ ડીરેકટર છે કે કેમ?

તે હકીકત પુરાવો લઈ નીર્ણીત થઈ શકે તેમ છે. તેમજ પ્રતિવાદી ધ્વારા સદર રજીસ્ટર્ડ દસ્તાવેજ કંપની વતી વાદીઓએ કંપનીના ઓથોરાઈઝ ડીરેકટર તરીકે કરી આપેલ હોવાની હકીકતને પડકારેલ નથી. જેથી સદર કારણસર વાદીનો દાવો રદ કરી શકાય નહી.

(૬) પ્રતિવાદી તરફે હાલની અરજીમા મુખ્ય તકરાર સમય મર્યાદાની લેવા મા આવેલ છે. તે અનુસંધાને જોવામા આવે તો વાદી ધ્વારા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ રદ ઠરાવવા અંગે હાલનો દાવો લાવવામા આવેલ છે. વાદીની દાવા અરજી વંચાણે લેતા વાદીને તકરારી દસ્તાવેજનો અવેજ મળેલ નહી હોવાની તકરાર લેવામા આવેલ છે. વાદી તરફે હાલના દાવામા વેચાણ દસ્તાવેજ કરતી વખતે રૂપીયા છ લાખ રોકડા તથા બાકીના રુપીયા ચેક થી આપવાનુ જણાવી વિશ્વાશ ભરોશો આપી દસ્તાવેજ કરાવેલ હોવાનુ અને વાદી સાથે પ્રતિવાદીના વહીવટ કર્તાએ એમ.ઓ.યુ. કરી બાકી રહેતી રકમનો ઉલ્લેખ કરી ચેક નહી આપેલાનુ જણાવે છે. તે મુજબ દસ્તાવેજ કર્યા બાદ વાદીને રોકડ રકમ કે ચેકો આપેલ નથી તેવી વાદી ધ્વારા તકરાર લેવામા આવેલ છે. આમ, વાદીને દસ્તાવેજ કરતી વખતે અવેજની રકમ રોકડ તથા ચેક મળેલ નહી હોવાનુ વાદીનુ કથન છે. તે સંજોગોમા વાદીને દાવો કરવાનુ પ્રથમ કારણ દસ્તાવેજની તારીખથી ઉપસ્થત થયેલ છે. ઉપરાંત વાદી તરફે નિ.૩/૧ થી તકરારી દસ્તાવેજ રજુ કરેલ છે જે જોતા તેમા રોકડ રકમ તથા પોસ્ટ ડેટેડ ચેકો મળેલ હોવાનુ જણાવે છે. તેમજ રજીસ્ટ્રાર રૂબરૂ ચેક લીસ્ટમા વાદીને અવેજની રકમ મળેલ હોવાનુ સ્વીકારેલ છે. આમ, જો વાદીને દસ્તાવેજ કરતી વખતે દસ્તાવેજમાં જણાવેલ રોકડ રકમ તથા ચેકો મળેલ ન હોય તો વાદીને દસ્તાવેજની તારીખથી દાવાનુ કારણ પ્રથમ વખત ઉપિસ્થત થયેલ હોવાનુ માનવાનુ રહે છે. વાદી ધ્વારા હાલનો દાવો દાખલ કરતી વખતે

નામ. સુપ્રિમ કોર્ટ ની સુઓ મોટો રીટ પીટીશન નં.૩/૨૦૨૦ ના હુકમની નકલ રજુ કરેલ છે. જેમા નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા કોરોના કાળ દરમ્યાન કોર્ટમા દાખલ થતા તમામ કેસોમા સમય મર્યાદામાં છુટછાટ આપવામા આવેલ હતી અને સદર ચુકાદામા નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા ડાયરેશકન આપવામાં આવેલ છે. જમા તા.૧૫/૩/૨૦ થી તા૨૮/૨/૨૨ સુધી ના સમયને મુળ સમય મર્યાદામાથી બાદ આપવાનુ ઠરાવેલ છે. અને તેમા એવુ ઠરાવેલ છે કે

"In cases where the limitation would have expired during the period between 15.03.2020 till 28.02.2022 notwithstanding the actual balance period of limitation remaining all persons shall have a limitation period of 90 days from 01.03.2022. In the event the actual balance period of limitation remaining with effect from 01.03.2022 is greater than 90 days, that longer period shall apply."

આમ, સદર ડાયરેશકન ધ્યાને લેતા તા.૧૫/૩/૨૦ થી તા.૨૮/૨/૨૨ વચ્ચે કોઇ પણ દાવાની સમય મર્યાદા પુરી થતી હોય તો તા.૧/૩/૨૨ થી ૯૦ દિવસ સુધીની સમય મર્યાદા વધારવામા આવેલ. ઉપરાંત જો આ સમય દરમ્યાન ૯૦ દિવસ કરતા વધારેની સમય મર્યાદા બાકી રહેતી હોય તો તા.૧/૩/૨૨ પછી તે વધારાનો પરીચડ ગણવાનો રહેશે. તેમ ઠરાવેલ છે. હાલના દાવાના સંજોગો જોતા વાદી જે દસ્તાવેજ રદ ઠરાવવા દાવો લાવેલ છે તે દસ્તાવેજ તા.૭/૧/૧૯ ના રોજ રજીસ્ટર થયેલ છે અને વાદીને દાવાનુ કારણ પણ તે તારીખ થી જ ઉત્પન્ન થયેલ હોવાનુ ગણવાનુ રહે છે. તે હકીકત જોતા લીમીટિશન એકટના હાર્ટીકલ ૫૯ ની જોગવાઇ ધ્યાને લેતા દસ્તાવેજ

રદ ઠરાવવાના દાવામા ત્રણ વર્ષની સમય મર્યાદા નકકી કરવામા આવેલ છે. તે હકીકત ધ્યાને લેતા વાદીએ તા.૭/૧/૨૨ સુધીમા દાવો દાખલ કરવો જોઇએ. સદર તા.૭/૧/૨૨ નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ તા.૧૫/3/૨૦ થી તા.૨૮/૨/૨૨ ની વચ્ચે આવે છે અને નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદામા આપવામા આવેલ ડાયરેશકન ધ્યાને લેતા વાદીને દાવાનુ કારણ ઉત્પન્ન થયાની તારીખ તા.૭/૧/૧૯ થી તા.૧૫/3/૨૦ સુધીનો સમય ૦૧ વર્ષ ૦૨ માસ અને ૦૮ દિવસનો થાય છે. અને વાદીને દાવો કરવા માટેની બેલેન્સ સમય મર્યદામાં ૦૧ વર્ષ ૧૦ માસ અને ૨૨ દિવસ બાકી રહે છે. જે નેવુ દિવસ કરતા વધુ છે. તે સંજોગોમા તા.૧/3/૨૨ થી વાદીની દાવો કરવા માટેની બાકી રહેલ સમય મર્યાદા ૦૧ વર્ષ ૧૦ માસ અને ૨૨ દિવસ ગણવામા આવે તો વાદીએ તા.૨૩/૧/૨૪ સુધી મા દાવો દાખલ કરવો જોઇએ જયારે વાદી હાલનો દાવો તા.૯/૭/૨૪ ના રોજ લાવેલ છે. તે સંજોગોમા વાદીએ દાવો દાખલ કરવાની સમય મર્યાદા પુરી થયાના છ માસ કરતા વધુ સમય બાદ હાલનો દાવો લાવેલ છે તે સંજોગોમા વાદીનો દાવો સ્પષ્ટપણે સમય મર્યાદા બહારનો હોવાનુ જણાઇ આવે છે.

(૭) પ્રતિવાદી તરફે તેમની દલીલના સમર્થનમાં **2013(1) GLR 398, Becharbhai Zaverbhai Patel & Another Versus. Jashbhai Shivabhai Patel & Others -** નો ચુકાદો રજુ રાખેલ છે. જે માનપુર્વક વંચાણે લીધો સદર ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે**,**

> 5.1. It is not disputed that while considering application under Order 7, Rule 11(d) of the Code of Civil Procedure, the Court is required to consider the averments in the plaint and the supporting documents produced along with

plaint. However, it cannot be disputed that if on the face of it and even considering the averments made in the plaint, it is found that the suit is clearly barred of law of limitation, the plaint can be rejected in exercise of powers under Order 7, Rule 11(d) of the Code of Civil Procedure. Even considering the decision of the Hon'ble Supreme Court in the case of N.V. Srinivasa Murthy and Others Vs. Mariyamma (dead) by Proposed LRs. and Others, as well as decision of the Hon'ble Supreme Court in the case of Smt. Dilboo (Dead) by Lrs. and Others Vs. Smt. Dhanraji (Dead) and Others, the plaint can be rejected in exercise of powers under Order 7, Rule 11(d) of the CPC if it is found that even accepting all the averments made in the suit, it is found therefore, the suit is barred by law of limitation. Considering the above proposition of law laid down by the Hon'ble Supreme Court, it is required to be considered whether considering facts and circumstances of the present case and even considering averments made in the plaint and even accepting all the averments made in the plaint as they are, whether the suit is barred by law of limitation or not?

5.2. As stated above, registered sale-deeds was executed by the original defendant No. 1 in favour of original defendant Nos. 3 and 4 (petitioners herein) on dated 25-8-1975. It is also required to be noted and even so pleaded/averred in the plaint that mutation entry in favour of defendant Nos. 3 and 4 on the basis of registered sale-deed was made in the revenue record vide Entry No. 1115

and not only that even in 1981 there was partition between defendant Nos. 3 and 4 and the land bearing Survey No. 380 (disputed suit land) has gone into the share of Ambalal Patel-defendant No. 4 and his name is mutated in the revenue record vide Mutation Entry No. 1283 dated 10-6-1981. As held by the Hon'ble Supreme Court in the case of Smt. Dilboo (Dead) by Lrs. and Others Vs. Smt. Dhanraji (Dead) and Others, whenever the document is registered the date of registration becomes the date of deemed knowledge and in other cases where a fact could be discovered by due diligence then deemed knowledge would be attributed to the plaintiff because a party cannot be allowed to extend the period of limitation by merely claiming that he had no knowledge. Thus, when the sale-deed dated 25-8-1975 was registered in the year 1975 itself and even the mutation entry was made in favour of defendant Nos. 3 and 4 on the basis of the registered sale-deed, immediately thereafter, the plaintiff is deemed to have the knowledge of the said transaction and by making such vague averments in the plaint that earlier he had no knowledge and he came to know about the transaction only in the 2010, by such clever drafting, the plaintiff cannot be permitted to bring the suit within the period of limitation which otherwise is barred by law of limitation as the suit challenging the registered sale-deed dated 25-8-1975 has been filed after a period of 35 years. Under the circumstances and considering the aforesaid, it appears to the Court that learned trial Court has

materially erred in rejecting the application Exh.14 and in not rejecting the plaint exercising the power under Order 7, Rule 11(d) of the Code of Civil Procedure. Under the circumstances, the impugned order passed by the learned trial Court cannot be sustained and same deserves to be quashed and set aside.

સદર ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં રજીસ્ટર્ડ દસ્તાવેજ ચેલેન્જ કરતા દાવામાં દસ્તાવેજ રજીસ્ટર્ડ થયાની તારીખથી ડીમ્ડ નોલેજ ગણવાનું રહે છે. હાલના દાવામાં પણ વાદી ધ્વારા રજીસ્ટર્ડ દસ્તાવેજ ચેલેન્જ કરવામાં આવેલ છે. અને તેમાં દસ્તાવેજમાં જણાવેલ રોકડ રકમ તથા ચેક વાદીને મળેલ નહી હોવાનું વાદીનુ કથન છે. જે દસ્તાવેજમાં વાદીને મળેલ હોવાનું જણાવેલ છે. તે રોકડ રકમ અને ચેક વાદીને દસ્તાવેજ કરાવતી વખતે મળેલ ન હોય તો તેની જાણ વાદીને દસ્તાવેજ થયાની તારીખથી જ હોય તે સંજોગોમાં વાદીને તેમને દસ્તાવેજ મુજબનો અવેજ નહી મળ્યાની જાણ રજીસ્ટ્રેશનની તારીખથી જ હોય અને તેથી રજીસ્ટ્રેશનની તારીખથી વાદીને સદર દસ્તાવેજ નો અવેજ નહી મળ્યાનું ડીમ્ડ નોલેજ હોવાનું માનવામાં આવે તો વાદીનો દાવો સ્પષ્ટ પણે સમય મર્યાદા બહારનો હોવાનું જણાય આવે છે.

(૮) પ્રતિવાદી તરફે તેમની દલીલના સમર્થનમાં **2025(3) CIVIL LJ 373, Nikhila Divyang Mehta and another V/Hitesh P. Sanghvi and Others -** નો ચુકાદો રજુ રાખેલ છે. જે માનપુર્વક વંચાણે લીધો સદર ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે,

24. There is no dispute to the fact that the limitation for filing of the suit falls under Article 58 of the Schedule to the Act wherein the limitation prescribed is three years. It

may be pertinent to note that the limitation of three years is from the date when the cause of action first arose. So, according to the plaintiff's case, the cause of action first arose on 04.02.2014 and, therefore, the limitation would end on 04.02.2017. However, even if the limitation is calculated from the date of knowledge of the Will and/or the Codicil, it would run from the first week of November, 2014 and would end in the first week of November, 2017. The suit admittedly was instituted on 21.11.2017; much beyond the first week of November, 2017 and as such is apparently barred by limitation, for which neither any defence is required to be looked into nor any evidence in support is needed to be adduced.

25. Section 3 of the Act contemplates that every suit instituted after the period prescribed under the Act shall be dismissed even if limitation has not been set up as a defence. The aforesaid provision is of a mandatory nature and cannot be ignored by the courts even if not pleaded or argued by the defence. It is obligatory upon the court to dismiss the suit if it is, on the face of it, barred by limitation. The aforesaid provision has been enacted for public good and to give quietus to a remedy after lapse of a particular period, as a matter of public policy, though without extinguishing the right in certain cases.

Therefore, once a limitation prescribed for instituting a cause of action expires and even if limitation

is not set up as a defence, it obliges the court to dismiss the suit as barred by limitation.

સદર ચુકાદો ધ્યાને લેતા તેમાં લીમીટેશન એકટના આર્ટીકલ ૫૮ મુજબ સમય મર્યાદા વાદીને પ્રથમ દાવાનુ કારણ ઉપિસ્થત થયેલ હોય ત્યારથી માનવાની રહે છે એવુ ઠરાવેલ છે. અને લીમીટિશન એકટની કલમ –૩ મુજબ સમય મર્યાદા બહારનો કેસ હોય અને પ્રતિવાદીએ તકરાર લીધેલ ના હોય તો પણ દાવો રદ કરવો જોઈએ અને તે જવાબદારી કોર્ટ ઉપર નાખવામાં આવેલ છે. અને સદર જોગવાઈ મેન્ડેટરી સ્વરૂપની હોવાનું ઠરાવેલ છે. હાલના કેસમાં લીમીટિશન એકટના આર્ટીકલ –૫૯ માં પડે છે. અને આર્ટીટકલ –૫૯ માં સમય મર્યાદા કયારથી ગણવાની છે તે અનુસંધાને એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, When the facts entitling the plaintiff to have the instrument or decree cancelled or set aside or the contract rescinded first become known to him. હાલના કેસના સંજોગો જોતા વાદીને સદર દસ્તાવેજ રદ થવા પાત્ર હોવાનું વાદીને દસ્તાવેજ મુજબ અવેજની રકમ નહી મળતા થયે હોવાનુ વાદીનુ કથન છે. તે મુજબ વાદીને દસ્તાવેજની તારીખથી પ્રથમ દાવાનું કારણ ઉપસ્થીત થયેલ હોવાની જાણ થયે છે. તે સંજોગોમાં વાદીએ યોગ્ય સમય મર્યાદામાં દાવો લાવેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીના દાવાને સ્પષ્ટપણે સમય મર્યાદાના બાધ નડે છે. નામ. સુપ્રિમ કોર્ટના સુઓમોટો રીટ પીટીશનમા આપવામા આવેલ ડાયરેકશન મુજબનો સમય ગાળો ગણતા પણ વાદીનો દાવો સમય મર્યાદામા દાખલ કરવામા આવેલ નથી. તે તમામ હકીકતો જોતા વાદીની દાવા અરજી તથા વાદી તરફે રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા વાદીની દાવા અરજીને સ્પષ્ટપણે સમય મર્યાદાનો બાધ નડતો

હોવાનું જણાય આવતુ હોય. તે તમામ સંજોગો ધ્યાને લેતા પ્રતિવાદીની સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર –૦૭ રૂલ –૧૧ ની અરજી ગ્રાહ્ય રાખવા પાત્ર હોવાનુ જણાય આવતુ હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧)** પ્રતિવાદીની હાલની આંક–૧૬ ની સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૦૭ રૂલ–૧૧ મુજબની અરજી મંજુર કરવામાં આવે છે.

**૨)** વાદીની દાવા અરજીને સ્પષ્ટ પણે સમય મર્યાદાનો બાધ નડતો હોય વાદીની દાવા અરજી સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૦૭ રૂલ–૧૧ મુજબ નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩)** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**૪) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.**

હુકમ આજરોજ તા.૦૮ મી, માહે–મે, સને–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૮/૦૫/૨૦૨૬ ( મહેમુદ ઉસ્માન કુરમાની )
સ્થળ: લીમખેડા. પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ,લીમખેડા.
U.Id.code no.GJ01012